| GJKT060004372024 | | દાખલ તારીખ :– | ૨૬/૦૯/૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|
| | | રજુ તારીખ :– | ૨૬/૦૯/૨૦૨૪ | | |
| | | ફેસલ તારીખ :– | ૦૮/૦૬/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમય :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૮ | ૧૩ |

**મહે. દયાપરના જયુડિ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહબની કોર્ટમા, મું.દયાપર.**

**આંક–**

| ફરીયાદી:– | શ્રી સરકાર |
|---|---|
| વિરૂધ્ધ | |
| આરોપી :– | હરેશ ઓસમાણ કોલી<br>રહે. સોનલનગર, તા.લખપત–કચ્છ. |

| તહોમત :– | ધી પ્રોહીબીશન એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ. |
|---|---|

---

**ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રી. એન.જે.પુજારા**

**આરોપી તરફે વિ.વકીલ શ્રી. એસ.વી.ગઢવી**

---

## –: ચુકાદો :–

(૧) આ કામના આરોપી સામે નારાયણ સરોવર પોલીસ સ્ટેશનમાં ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોધાયેલ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂની કોથળી નંગ–૨ જે આશરે લીટર–૧ જેની કિં.રૂા.૨૦/– નો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) સદરહું ફરીયાદીની ફરીયાદના આધારે પી.એસ.ઓ.એ ગુનો નોધી, આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોઈ, ચાર્જશીટ કરેલું.

(૪) સદરહુ ગુનાનું ચાર્જશીટ ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં તબદીલ થયેલું. તે ગુનાનું કોગ્નીઝન્સ લઈ, તે ચાર્જશીટને અત્રેની અદાલતમાં ક્રિમીનલ કેસ રજીસ્ટ્રરે નોધવામાં આવેલું. ત્યારબાદ, આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર રહેલા. આરોપીને પોલીસ પેપર્સની નકલ પુરી પાડી, આરોપી વિરૂદ્ધ આંક–૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ, આરોપીની આંક–૬ થી પ્લી નોધતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ. ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૯ | ફરીયાદી ધવલકુમાર દિલીપભાઈ નાયીની જુબાની |
| ૨. | ૧૦ | અસલ ફરીયાદ |
| ૩. | ૧૨ | પંચસાહેદ–બાબુલાલ છગનલાલ સોલંકીની જુબાની |
| ૪. | ૧૩ | પંચનામું |

(૬) આ સીવાય બીજા કોઈ પુરાવા રજૂ થયેલ ન હોય. સબબ કામ આરોપીનુ વિશેષ નિવેદન માટે રાખેલ, પરંતુ આરોપીને વિશેષ નિવેદન આપવા માટે પૂર્ણ તક આપ્યા છતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર રહેલ ન હોય આરોપીનો વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી અને બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી.

(૭) આ કામે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે દેશી દારૂની કોથળી નંગ–૨ જે આશરે લીટર–૧ જેની કિં.રૂા.૨૦/– નો મુદ્દામાલ પોતાના કબ્જામાં રાખી પકડાઈ

જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દા પરત્વેના મારા જવાબો નીચે મુજબ છે, જેના કારણો નીચે જણાવ્યા પ્રમાણે છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**-: કારણો:-**

**<u>મુદ્દા નં. ૧</u>**

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે ફરીયાદી ધવલકુમાર દિલીપભાઈ નાયીને આંક-૯ થી તપાસેલા છે. ફરિયાદી તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૭/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન નવાનગર ગામના બસ સ્ટેશન પાસે આવતા એક ઈસમ સામેથી આવતો હોઈ જે પોલીસને જોઈને સંકોચાતા તે ઈસમને ઉભો રખાવી ચેક કરતા તેના પેન્ટના ખીસ્સામાંથી સફેદ કલરનું પ્રવાહી ભરેલ કોથળીઓ મળી આવતા તુરંત જ બે રાહદારી પંચો બોલાવી મજકુર ઈસમનું નામઠામ પુછતા પોતે પોતાનુ નામ હરેશ ઓસમાણ કોલી ઉ.વ.૩૪, રહે. સોનલનગર, તા.લખપત વાળો હોવાનુ જણાવેલ તેના કબ્જામાંથી સફેદ કલરનું પ્રવાહી ભરેલ ગાંઠોવાળી કોથળીઓ નંગ-૨ મળી આવેલ જે કોથળીની ગાંઠ ખોલી પંચો રૂબરૂ સુંઘીસુંઘાડી જોતા તેમાં કેફીપીણાની વાસ આવતી હોઈ કોથળીઓમાંથી સરખે ભાગે ૩૦૦ એમ.એલ. જેટલો દેશીદારૂ સેમ્પલ અર્થે કબ્જે કરી બાકીનો દેશીદારૂ લીટર-૧, કિં.રૂા.૨૦/- ગણી પંચનામાની વિગતે કબ્જે કરેલ. આ અંગેનું પંચનામું દિપસિંહ સોઢાનાઓએ કલાક-૧૯:૧૫ થી ૧૯:૪૫ સુધી કરી લઈ જે અંગેની ફરીયાદ દાખલ કરેલ જે આંક-૧૦ રજૂ ફરિયાદમાં ફરિયાદી પોતાની સહી ઓળખી બતાવે છે અને આરોપીને જોયેથી ઓળખી શકતા હોવાનું જણાવે છે.

ત્યાર બાદ ફરિયાદી આરોપી પક્ષ તરફેની ઉલટતપાસમાં સ્વીકારે છે કે, ફરિયાદમાં પંચોના નામઠામ જણાવેલ નથી. બનાવવાળી જગ્યાએ જાહેર રસ્તો

આવેલ છે અને તેઓ સ્વીકારે છે કે, તપાસ કરનાર અધિકારી તેમના સિનિયર અધિકારી છે.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચસાહેદ –બાબુલાલ છગનલાલ સોલંકીને આંક–૧૨ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી એક વર્ષ પહેલા તેઓ નવાનગર બસ સ્ટેશન પાસે હાજર હતા ત્યારે પોલીસે તેમની પાસે આવીને એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેમણે સહી કરી આપેલ જે આંક–૧૩ વાળા પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે અને જણાવેલ છે કે તેઓ સદર પંચનામા બાબતે કાંઈ જાણતા નથી. આમ પંચ સાહેદે પંચનામાની વિગતને સમર્થન આપેલ ન હોઈ સદર પંચ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ.

(૧૧) આ કામે ફરિયાદીની ફરિયાદ આંક–૧૦ થી રજુ થયેલ છે. પરંતુ ફરીયાદીના પુરાવાથી ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર થાય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) આ કામે પંચનામું રજુ થયેલ, પરંતુ તે પંચનામાના પંચ સાહેદનો પુરાવો નોધાયેલ હોવા છતાં તે પંચનામાની વિગત પુરવાર કરેલ નથી તેથી તે પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૩) જે રીતે ફરીયાદપક્ષનો કેસ છે તે પ્રમાણે વાંધાજનક મુદ્દામાલ આરોપીનો સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થવું જોઈએ. એક વખત આરોપીનો કોઈપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થાય પછીથી પ્રોહી એકટની કલમ ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય, પરંતુ હાલના કેસમાં દલીલોના ખાતર પણ પંચનામું સાબિત થયેલ માની લઈએ તો,આ કામે આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ દારૂ મળેલ હોય તેવો કોઈ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૪) આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામે ફરીયાદપક્ષે તપાસેલા પંચસાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. તેમજ આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના

નિવેદનો લેવામાં આવેલ નથી તેમજ આ કામે ફરીયાદી એ પોલીસના માણસ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવા રજુ કરેલ નથી. આ કામે ફરીયાદીને તપાસેલ છે અને તેઓએ ફરીયાદની વિગત નિ:શંકપણે પુરવાર કરેલ નથી. તેમજ પંચ સાહેદ પણ પંચનામાની વિગતને સમર્થન આપતા નથી. મુદ્દામાલ આરોપીના કબ્જામાંથી મળેલ હોય તે પુરવાર થતું નથી. તે સંજોગોમાં સમગ્ર પુરાવો તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧) આ કામના આરોપી હરેશ ઓસમાણ કોલી, રહે. સોનલનગર, તા.લખપત-કચ્છ ના ઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧ અન્વયે ધી પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(એ) મુજબના ગુનામાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આ કામે મુદ્દામાલ પાવતીથી કબજે લીધેલ મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩) બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ અન્વયે આરોપીના જામીન તથા જાત મુચરકો અપીલના સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના નવા જામીન તથા એટલીજ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ.દયાપર.**

**તા.૦૮/૦૬/૨૦૨૬** **(હરપ્રિત સિંઘ)**

**જ્યુડી. મેજી. ફર્સ્ટ ક્લાસ, દયાપર.**

**જી.જે. ૦૧૪૨૭**